
सहकारेण सर्वं समृद्धति ।

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

અંક : ૧૧ | વર્ષ - ૪ | મે - ૨૦૨૫ (સળંગ અંક : ૪૬)  www.dudhsagardairy.coop  twitter.com/dudhsagardairy  dudhsagardairyofficial  youtube.com/c/DudhsagardairyCoop

# વટ્ટબંધ વહિવટ



પશુપાલકએ દૂધસાગર ડેરીનો અંતરઆત્મા છે અને તેમના પરસેવાનો એક પૈસો ખોટી રીતે ન વેડફાય તે જોવાની જવાબદારી આપણી છે. તેવું સતત કહેતા દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોક ચૌધરી શાસિત નિયામક મંડળે પોતાની કાર્યશૈલીથી આ વાત સાબિત કરી દીધી છે. વિતેલા વર્ષોમાં દૂધસાગર ડેરીના વહિવટ દરમ્યાન આ નિયામક મંડળે દર મહિને નિયમીત મળતી બોર્ડ ઓફ ડિરેક્ટરર્સની બેઠકમાં આ વાતનું સતત મનોમંથન કર્યું છે કે; દૂધસાગર ડેરી તેમના સમય દરમ્યાન ભૂતકાળની પવિત્રતા પાછી મેળવે અને નવા ભવિષ્યનું નિર્માણ કરે ! સાથે મળીને સુખી થવાના આ સહિયારા સપનાંની વાસ્તવિકતા આપણને બધાને વર્ષ 2024-25 ના પૂર્ણ થતા હિસાબી વર્ષમાં સ્પષ્ટ જોવા મળે છે. દૂધસાગર ડેરીએ આ ચાર વર્ષ દરમ્યાન પશુપાલકોને દૂધના ઉત્તમ ભાવ આપ્યા છે તેની સાથે વર્ષના અંતે શ્રેષ્ઠ ભાવ ફેરની વહેચણી કરી છે. સાથે સાથે દૂધસાગર ડેરીની મિલ્કતોમાં નક્કર વધારો કર્યો છે અને આજે દૂધસાગર ડેરી પાસે દેવાના સ્વરૂપમાં 1190 કરોડની લોનોની સમક્ષ 1230 કરોડનો માલસ્ટોક ઉપલબ્ધ છે ત્યારે એક અર્થમાં, દૂધસાગર ડેરીની બેલેન્સસીટ તંદુરસ્ત બનવા પામી છે અને આ એક ઉપલબ્ધી છે. દેવામુક્ત ડેરીનું જે વચન 2020 ની ડેરીની ચૂંટણીમાં આપવામાં આવ્યું હતું તે પૂર્ણ થવા પામ્યું છે.

**વિતેલા ચાર વર્ષ દરમ્યાન મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.ની મિલ્કતોમાં 792 કરોડનો વધારો થવાની સાથે સાથે આજે આ ડેરીના કાર્યક્ષેત્રમાં 821 કરોડના નવિનત્તમ પ્રોજેક્ટ આકાર લઈ રહ્યા છે. તેમ છતાં, વર્તમાન સમય દૂધસાગર ડેરી પાસે માલસ્ટોક કરતાં લોન ઓછી થવા પામી છે જે તંદુરસ્ત BALANCESHEET ની નિશાની છે**


**આજે દૂધસાગર ડેરી પાસે દેવાના સ્વરૂપમાં 1190 કરોડની લોનોની સમક્ષ 1230 કરોડનો માલસ્ટોક ઉપલબ્ધ છે ત્યારે એક અર્થમાં, ડેરી પાસે 40 કરોડની મૂડી જમા થવા પામી છે**

# વિતેલા ચાર વર્ષની વિકાસગાથા

(1) નવિન પાવડર પ્લાન્ટ : 307 કરોડ
(2) ટેટ્રાપેક પ્લાન્ટ : 129 કરોડ
(3) નવો LMP પ્રોજેક્ટ : 70 કરોડ
(4) 66 કેવી સબસ્ટેશન : 19 કરોડ
(5) બોઈલર 30 TPH : 32 કરોડ
(6) બટર લાઈન 5 TPH ક્ષમતા : 10 કરોડ
(7) દહીં પ્લાન્ટ 10 TPH પાટણ : 8 કરોડ
(8) પનીર અને ચીજ પ્લાન્ટ 1TPD : 20 કરોડ
(10) ફાયર સિસ્ટમ : 5 કરોડ
(11) યોગર્ટ પ્લાન્ટ (ધારૂહેડા) : 25 કરોડ
(12) આઈસ્ક્રીમ પ્લાન્ટ (માનેસર) : 11 કરોડ
(13) સૈનિક સ્કૂલ : 36 કરોડ
(14) WTP પ્લાન્ટ મહેસાણા : 6 કરોડ
(15) રેફ્રિજરેશન સેક્શન મહેસાણા : 8 કરોડ
(16) 1MW સોલાર સિસ્ટમ : 4 કરોડ
(17) અમૂલ મોતી ક્ષમતા વધારો : 7 કરોડ
(18) પાઉચ પેકિંગ ક્ષમતા વધારો : 6 કરોડ
(19) મિલ્ક પ્રોસેસિંગ સાયલો : 2 કરોડ
(20) SCM પેકિંગ મટેરીયલ્સ રૂમ : 1 કરોડ

**વર્ષ 2021 થી 2025 દરમ્યાન મહેસાણા દૂધસંઘ દ્વારા કુલ 51 વિકાસલક્ષી કામો જેનો કુલ ખર્ચ 821 કરોડથી વધારે થયો છે જે પૈકી 20 કામો અમે અહીં જણાવી રહ્યા છીએ. જગ્યાના અભાવે 31 કામોનું વર્ણન કરી શક્યા નથી કોઈ જાગૃત વાંચક આ અંગેની સત્તાવાર માહિતી મેળવવા માંગતા હોય તો દૂધસાગર ડેરીના વહિવટીય વિભાગનો સંપર્ક કરી શકે છે.**

જાન્યુઆરી– 2021 થી શ્રી. અશોકભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળના નિયામક મંડળે દૂધસાગર ડેરીનો વહિવટ સંભાળ્યો ત્યારે આ સંસ્થા અનેક પડકારો અને સમસ્યાઓથી ઘેરાયેલી હતી. દૂધના પોષણક્ષમ ભાવો ન મળવાથી એક ગહેરી નિરાશાનું વાતાવરણ સમગ્ર વિસ્તારમાં છવાઈ ગયું હતું. પશુપાલનના વ્યવસાયથી લોકો અળગા થઈ રહ્યા હતા. તબેલાઓ વેરાઈ રહ્યા હતા. અને નાના પશુપાલકોના યુવાન દિકરાઓ એક - બે ભેંસ, ગાય રાખવાની જગ્યાએ મહેસાણા, પાટણ, ઉંઝા, વિસનગર, ખેરાલુ, સમી - હારીજ કે ; ગાંધીનગર જેવા શહેરોમાં જીવન નિર્વાહ અર્થે ખાનગી નોકરીઓ કરવા લાગ્યા હતા. આ બધી વિષમ પરિસ્થિતીઓ વચ્ચે દૂધસાગરની ભૂતકાળની જાહોજલાલી પાછી લાવવી છે - એ એક માત્ર લક્ષનો પીછો કરી આ નિયામક મંડળે 2020-21 ની સરખામણીએ 2024-25 ના વર્તમાન વર્ષમાં દૂધસાગરની સફરને શાનદાર દિશા આપી છે તેની તથ્યો આધારિત આ માહિતી દૂધસાગર પત્રિકાના વાંચકો સમક્ષ મુકી રહ્યા છીએ.



આજે 2025 ના મે મહિનામાં સાગર પત્રિકાના વાંચકોએ 2020 ના વર્ષને યાદ કરવું જોઈએ. એ સમયે, મહેસાણા દૂધસંઘના દૂધ ઉત્પાદક સભાસદોને દૂધના પ્રતિલીટર શું ભાવ મળતા હતા ? એ દિશામાં શોધખોળ કરવી જોઈએ ! ભૂતકાળના એ વર્ષોમાં ભાવફેરની વહેંચણી કેટલા રૂપિયા થતી હતી ? એના વાર્ષિક અહેવાલો તપાસી લેવા જોઈએ ! દૂધસાગર ડેરીની એ સમયની મિલ્કતોની આકારણી કેવી રીતે કરવામાં આવી હતી તે આપને જે તે સમયના સંસ્થાના અહેવાલમાં સ્પષ્ટ દેખાઈ આવશે. કોઈપણ સંસ્થા જ્યારે પોતાની મિલ્કત વધારે ત્યારે તેની સમક્ષ બે વિકલ્પ હોય છે

(1) રૂપિયાનું રોકાણ એવી જગ્યાએ કરવું જ્યાંથી રૂપિયો રળતો (કમાતો) થાય.

(2) રૂપિયાનું રોકાણ એવી જગ્યાએ કરવું જ્યાં રૂપિયો માત્ર સુવિધા-સગવડ અથવા શોભા સ્વરૂપ બની જાય.

દૂધસાગરના વર્તમાન નિયામક મંડળે વિતેલા ચાર વર્ષમાં પ્રથમ વિકલ્પ પસંદ કર્યો અને રૂપિયો જ્યાં સવા રૂપિયો બને તેવી દિશામાં રોકાણ કરવાનું પસંદ કર્યું.

કોઈપણ સંસ્થા જ્યારે પોતાની મિલ્કત વધારે ત્યારે તેની સમક્ષ બે વિકલ્પ હોય છે


રૂપિયાનું રોકાણ એવી જગ્યાએ કરવું જ્યાંથી રૂપિયો રળતો (કમાતો) થાય

રૂપિયાનું રોકાણ એવી જગ્યાએ કરવું જ્યાં રૂપિયો માત્ર સુવિધા-સગવડ અથવા શોભા સ્વરૂપ બની જાય

વિતેલા ચાર વર્ષો દરમ્યાન મહેસાણા દૂધ સંઘનું મુખપત્ર “દૂધસાગર પત્રિકા” સમગ્ર વિકાસયાત્રાનું સાક્ષી રહ્યું છે. આ વર્ષો દરમ્યાન સાધારણ સભાની મંજૂરીથી નિર્માણ પામેલ પાવડર અને UHT પ્લાન્ટ હોય, મહેસાણા દૂધસાગર ડેરીના પાઉચ પ્લાન્ટ નું રિનોવેશન હોય, દિલ્હી ખાતે દહીંના પ્લાન્ટની કાર્યક્ષમતા વધારવાનું કામ હોય, વિહાર ખાતે ગાયના ઘી પેકિંગના નવા એકમનું કામ હોય, પાટણ ખાતે છાશ ઉત્પાદનની કામગીરી હોય, દૂધસાગર ડેરીને સોલાર પેનલથી સુસજ્જ કરવાની કામગીરી હોય તમામ કામોનું બારીકાઈથી આંકલન અમોએ દૂધસાગર પત્રિકાના જૂના અંકોમાં છાપ્યું છે તે જોઈ લેવા વાંચકોને વંદના કરીએ છીએ.

દૂધસાગરના વર્તમાન નિયામક મંડળે વિતેલા ચાર વર્ષમાં પ્રથમ વિકલ્પ પસંદ કર્યો અને રૂપિયો જ્યાં સવા રૂપિયો બને તેવી દિશામાં રોકાણ કરવાનું પસંદ કર્યું

## વર્ષ 2021 થી 2025 ના ચાર વર્ષોમાં દૂધસાગર ડેરીના ટર્નઓવરમાં 60% ના વધારા સાથે રુપિયા 3011 કરોડનો તોતીંગ વધારો



2021 ની 15 જાન્યુઆરી થી અશોકભાઈ ચૌધરીની વર્તમાન નિયામક મંડળની ટીમે શાસનના પ્રથમ દિવસથી આ વિસ્તારના પશુપાલકને કેન્દ્ર સ્થાને રાખ્યો છે. સમયાંતરે દૂધના ખરીદ ભાવોને વધારતા રહેવું અને નિશ્ચિત થયેલા ભાવોને સ્થિર રાખવા એ સૂત્રને આગળ કરી તમામ સભ્યો એક અને નેક બન્યા તથા દૂધસાગરની તમામ ખરીદીઓ પારદર્શક અને કરકસરયુક્ત બનાવવામાં આવી. પરિણામ સ્વરૂપ, વર્ષના અંતે દૂધસાગર નફાના માર્ગે આગળ વધી જેનો સીધો લાભ ભાવવધારાના સ્વરૂપમાં પશુપાલકોને મળતો થયો. આમ, પશુપાલનના વ્યવસાયમાં પ્રાણસંચાર થતો ગયો અને ધીમે ધીમે પ્રાઈવેટ ડેરીઓ જેણે પરિસ્થિતીનો લાભ ઉઠાવી આ વિસ્તારમાં પોતાનો કબજો જમાવ્યો હતો તેની પક્કડ ઢીલી પડવા માંડી. પશુપાલકો ફરીથી આ વ્યવસાયમાં જોડાતા થયા-પશુધન વધારતા થયા-નવા પશુપાલકો દૂધસાગરના સભાસદ તરીકે આવતા થયા. પરિણામ આપણા બધાની સમક્ષ છે. ઉપરના ગ્રાફમાં આપ જોઈ શકતા હશો કે ; વર્ષ 2021 માં આપણી દૂધસાગર ડેરીનું કુલ ટર્નઓવર રૂા.5012 કરોડ હતું તે વર્તમાન વર્ષ 2024-25 માં 8023 કરોડે પહોંચવા પામ્યું છે. દૂધસાગર સાથે સંકળાયેલા તમામ લોકો ડેરીના ટર્નઓવરમાં થયેલ આ અભૂતપુર્વ રૂા.3011 કરોડનો વધારો જોઈને સમજી ગયા હશે કે ; આપણી દૂધસાગર ડેરી ધીમે પણ નક્કર પગલે સમૃદ્ધિના ગૌરી શિખરો તરફ આગળ વધી રહી છે.

## વર્ષ 2021 થી 2025 ના ચાર વર્ષોમાં દૂધસાગર ડેરીમાં દૂધની આવકમાં 25 કરોડ 35 લાખ કીલો નો ધરખમ વધારો



મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ વર્તમાન કાળે ગુજરાતના તમામ દૂધસંઘોની સાથે કદમ મિલાવી ચાલી રહ્યો છે. વર્તમાન નિયામક મંડળની કૂનેહ - સૂઝબુજ અને સરકાર તથા અમૂલ ફેડરેશન સાથેના સબંધો મજબૂત કરવાની આવડતના પરિણામે આ વર્ષોમાં આપણને તમામ દિશાઓ તરફથી વિકાસ ના પંથ ઉપર આગળ વધવાનું પીઠબળ મળ્યું છે. દૂધસાગર ડેરીએ ગુજરાત અને દિલ્હી - હરિયાણાથી આગળ વધી હવે દેશના બીજા ચાર રાજ્યો સુધી પોતાની પાંખો પ્રસારી છે. સંસ્થા ઉપર વધારાનું આર્થિક ભારણ ના પડે અને માળખાકીય સુવિધાઓ ઉભી થાય તે માટે ભાડા પટ્ટે પ્લાન્ટ - મશીનરી અને દૂધ સંપાદન અને વિતરણના પ્રારંભિક કામ શરૂ કરી દેવામાં આવ્યા છે. તે સાથે સાથે મહેસાણા દૂધસાગર ડેરી સાથે સંકળાયેલા પશુપાલકો દૂધ ઉત્પાદનની બાબતમાં અવ્વલ નંબરે રહે તે માટે દૂરડાની સહાયો-સરકારની સહાયો- વેટરનરી વિભાગની સેવાઓ તથા રસીકરણ - બીજદાન અને સેક્સડ્ સીમેન ડોઝ અંગે પ્રચાર પ્રસારની સાથે આર્થિક ભારણ ભોગવીને પણ મહેસાણા, પાટણ અને ગાંધીનગરના પશુપાલકો વૈજ્ઞાનિક પદ્ધતિથી પાડી કે વાછરડી જન્મે અને જન્મેલું આ પશુઓલાદ વધુમાં વધુ દૂધ આપે તે દિશામાં ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી અને નિયામક મંડળના માર્ગદર્શન હેઠળ સમગ્ર ડેરી તંત્ર ઉત્સાહપૂર્વક કામ કરી રહ્યું છે. વર્ષ 2024-25 માં દૂધસાગર ડેરીની વિકાસયાત્રામાં સંસ્થાના તમામ માર્ગો ઉપર કલ્પના ન કરી શકાય તે હદે આપણને સફળતા પ્રાપ્ત થવા પામી છે તેનું મૂળ કારણ આ સંસ્થા સાથે જોડાયેલા લાખો - લાખો પશુપાલકોની પ્રાર્થનામાં રહેલું છે. સહકાર એ વાંચવાનો નહીં પણ જીવવાનો વિષય છે. અશોકભાઈના નિયામક મંડળને સભાસદો તરફથી મળેલો સહકાર એજ આ સફળતાનું મુખ્ય કારણ છે. ઉપરોક્ત ચાર પેજ ઉપર લખાયેલી તમામ માહિતી દૂધસાગર પત્રિકાને પ્રથમ એપ્રિલ -2025 ના રોજ પ્રારંભિક તબક્કામાં પ્રાપ્ત થયેલી છે.

# જમ્મુ-કાશ્મીર રાજય દૂધ ઉત્પાદક સહકારી સંઘના ડિરેક્ટરો દૂધસાગર ડેરીની મુલાકાતે





તાજેતરમાં મહેસાણા દૂધસાગર ડેરી ખાતે જમ્મુ કાશ્મીર રાજ્ય દૂધ ઉત્પાદક સંઘ લી. ના ડિરેક્ટરો ઉત્તર ગુજરાતના દૂધના સહકારી માળખાને સમજવા તથા દૂધના ધંધા થકી સમૃદ્ધિ મેળવવાના અભ્યાસ અર્થે મુલાકાતે પધાર્યા હતા. આ દરમ્યાન તેઓએ સંસ્થાના MD શ્રી સાથે દૂધસાગર ડેરી ખાતે ફેક્ટરી સહિત વિવિધ વિભાગોની કામગીરીનું બારીકાઈથી નિરીક્ષણ કર્યુ હતું. તેઓએ આ પ્રસંગે સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી સાથે વાર્તાલાપ કરી સફળતાના સૂત્રો અંગે જાણકારી માગી હતી. નોંધનીય છે કે ; દેશના વડાપ્રધાન શ્રી. નરેન્દ્રભાઈમોદી સાહેબ અને ગૃહ તથા સહકારીતા મંત્રી શ્રી. અમિતભાઈ શાહ સાહેબના નેતૃત્વ હેઠળ જમ્મુ કાશ્મીર દૂધ ઉત્પાદક સંઘ રાજ્યના ગ્રામીણક્ષેત્રની અર્થ વ્યવસ્થાને મજબૂત કરી રહ્યો છે.

જમ્મુ કાશ્મીર રાજ્ય દૂધ ઉત્પાદક સંઘ લી. ના ડિરેક્ટરોની આ મહેસાણા દૂધસાગર ડેરીની યાત્રા દરમ્યાન સંસ્થાના વડા શ્રી.અશોકભાઈ ચૌધરી અને ઉચ્ચ અધિકારીઓ સાથેની ઔપચારિક વાતચીત દરમ્યાન સર્વે મહેમાનોએ જમ્મુ કાશ્મીર રાજ્યમાં કેન્દ્ર ના સહકાર મંત્રી શ્રી. અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ કલમ 370 રદ થયા બાદ સમગ્ર રાજ્યનો ચો તરફી વિકાસ થાય તે માટે વિશેષ લાગણી રાખવામાં આવી રહી હોવાનો ભાવ પ્રગટ કરી આજે જમ્મુ કાશ્મીર રાજ્ય દૂધ ઉત્પાદક સંઘ લી. અમૂલ ફેડરેશનના સહયોગથી પ્રતિદીન 2 લાખ લીટર દૂધ સંપાદન કરી રહ્યો છે અને તે દૂધના ઉત્તમ ખરીદ ભાવ આપવામાં આવી રહ્યા છે. તેઓએ અમૂલની અદભૂત સહકારી વ્યવસ્થા જમ્મુ કાશ્મીરના ગામડાઓને કે જ્યાં, પશુપાલન એક ઉત્તમ વ્યવસાય છે તેનો લાભ લઈ આર્થિક સ્થિરતા અને સમૃદ્ધિનું સર્જન થાય તે માટે કેન્દ્રની મોદી સરકાર તમામ મદદો કરી રહી હોવાનું સ્વીકારી મહેસાણા દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અને અધિકારીઓ સહિત સૌને પોતાના રાજ્યની મુલાકાત લેવાનું આમંત્રણ આપ્યું હતું.

# આંતરાષ્ટ્રીય કો-ઓપ. ચેમ્પિયન એવોર્ડ વિજેતા અશોક ચૌધરીને

## હારીજ તાલુકાના એકલવા ગામે મળ્યો અભૂતપુર્વ આવકાર





દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીને ટૂંકા ગાળામાં ઉત્તમ પરિણામલક્ષી કામ કરવા બદલ અમેરિકાની OCDC સંસ્થા દ્વારા પ્રાપ્ત થયેલ આંતરાષ્ટ્રીય કો.ઓપ. ચેમ્પિયન એવોર્ડ અંગેની ખુશી સમગ્ર દૂધસાગરના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ પશુપાલકો અનુભવી રહ્યા છે. આજે મહેસાણા દૂધસંઘમાં થઈ રહેલા પવિત્ર પરિવર્તનોના લાભ છેવાડાના પશુપાલકોને મળી રહ્યો છે જેના પરિણામે ગામડાઓનું આર્થિક સશક્તિકરણ અનુભવાઈ રહ્યું છે. આ ખુશી વ્યક્ત કરતો એક સન્માન સમારંભ ગત તા.13 એપ્રિલના રોજ હારીજ તાલુકાના એકલવા ગામે યોજાઈ ગયો હતો. દૂધસાગર ડેરીના ચેરમેનના અધ્યક્ષ પદે આયોજિત આ સમારંભમાં પાટણ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખશ્રી. રમેશભાઈ સિંધવે મુખ્ય મહેમાન તરીકે હાજરી આપી હતી. દૂધસાગર ડેરીના સમૃદ્ધ પશુપાલક શ્રી લક્ષ્મણભાઈ હેમરાજભાઈ ચૌધરી પરિવાર તથા એકલવાના સમસ્ત ગ્રામજનો દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં બંને મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું. દૂધસાગર ડેરીના ડિરેક્ટર શ્રી સક્તાભાઈ ભરવાડ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વકતાઓએ વર્તમાન દૂધસાગર ડેરીના વહિવટ તથા ભવિષ્યના આયોજનો અંગે ઉપસ્થિત ગ્રામજનો, સહકારી આગેવાનોને વાકેફ કર્યા હતા. ઉલ્લેખનીય છે કે આ સમારંભમાં અશોકભાઈ ચૌધરીને ચાંદીની દૂધસાગર ડેરીની પ્રતિકૃતિ આપી શ્રી વિરાભાઈ ચૌધરીએ પોતાની ખુશી વ્યક્ત કરી હતી.

## શ્રી શક્તિમાતાની સાક્ષીએ સરવાલ ગામે અશોકભાઈને સન્માન અપાયું





ગત તા. 18 માર્ચના રોજ હારીજ - સમી વિસ્તારના મહેસાણા દૂધસંઘના ડિરેક્ટર શ્રી. સક્તાભાઈ ભરવાડ અને શ્રી. મુકેશભાઈ ભરવાડના માર્ગદર્શન હેઠળ આ વિસ્તારની તમામ દૂધમંડળીઓના પ્રમુખ અને મંત્રી સહિત સહકારી આગેવાનો અને હજારોની સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોની હાજરીમાં મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.ના વડા શ્રી. અશોકભાઈ ચૌધરીને મળેલ OCDC એવોર્ડની ખુશી વ્યક્ત કરતો એક જાજરમાન સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતુ. હારીજ તાલુકાના સરવાલ ગામે આસ્થાના પ્રતિક સમા શ્રી.શક્તિમાતા મંદિરના પવિત્ર પ્રાંગણમાં આયોજિત થયેલ આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના પૂર્વમંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર અને દૂધસાગરના નિયામક મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સરવાલ ગામની માતાઓ બહેનોએ ગામના દરવાજે કુંભ ઘડા અને ઝવેરાની પવિત્ર સાક્ષીએ શ્રી.અશોકભાઈ અને મહેમાનોનું સ્વાગત કર્યું હતું. ઉત્સાહ અને ખુશીના માહોલ વચ્ચે સૌએ દૂધસાગરના ચેરમેનને શાલ અને સન્માનપત્ર આપી આવકાર્યા હતા. ઉપસ્થિત મહેમાનોએ અશોકભાઈને અભિનંદન આપતાં દૂધસાગર ડેરીને તેમના દ્વારા જે નવી ઉંચાઈઓ બક્ષવામાં આવી છે તેની સરાહના કરવામાં આવી હતી. પોતાના પ્રાસંગિક પ્રવચનમાં બોલતા અશોક ચૌધરીએ જણાવ્યું કે ; મને મળેલ એવોર્ડ એ મારો નથી પણ દૂધસાગરની સૌ પશુપાલક માતા બહેનોનો છે અને એમના આશિર્વાદ થકી જ હું અને દૂધસાગર ડેરી ઉજળા બન્યા છીએ.


# વર્ષ 2020-21 થી 2024-25 ની

# સહયોગની શાનદાર સફર

દૂધસાગર ડેરીના કર્મચારીઓની શાખ અને પુરવઠા મંડળી એટલે કે સહયોગ એક એવું નામ છે જેની મીઠાશ સમગ્ર ગુજરાત અને દેશ દુનિયામાં મશહૂર છે. ગત તા. 21 એપ્રિલના રોજ તેની સાધારણ સભા યોજવામાં આવી હતી. સહયોગ પોતાની યાત્રાના 60 વર્ષ પૂર્ણ થવાની ખુશી આવનાર દિવસોમાં મનાવવાની છે ત્યારે વર્ષ 2020-21 થી 2024-25 ના હિસાબી વર્ષમાં વર્તમાન ચેરમેન શ્રી. ફાલ્ગુનભાઈ ચૌધરી અને સહયોગના નિયામક મંડળની વહિવટીય કુશળતાએ સહયોગનો વિકાસગ્રાફ કેટલી ઉંચાઈએ પહોંચાડ્યો છે તેની સમગ્ર માહિતી સભાસદો સામે સમક્ષ રજુ કરવામાં આવી તેને જોઈએ નીચેના ગ્રાફ ઉપરથી

## વાર્ષિક ટર્ન ઓવરમાં વૃદ્ધિ

**32.22%**




## દૂધ વિતરણમાં વૃદ્ધિ

**4.38%**




## મીઠાઇ વેચાણમાં વૃદ્ધિ

**55.44%**





## મંડળીના ધિરાણમાં વૃદ્ધિ

**61.55%**





## કરિયાણા વેચાણમાં વૃદ્ધિ

**75.87%**




## મૂડીમાં વધારો

**64.47%**




## સહયોગના ફંડમાં વધારો

**47.14%**



## આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ નિમિત્તે દૂધસાગરની પહેલ

# વિવિધ ગામની મહિલાઓના ડેરી દર્શને પાવન પગલાં થયાં







આંતરાષ્ટ્રીય સહકારીતા વર્ષ 2025 ની ઉજવણીને મહિલા પશુપાલકોને સમર્પિત કરતાં સંસ્થાના વડા શ્રી.અશોક ચૌધરીના માર્ગદર્શન હેઠળ દૂધસાગર ડેરી મહિલા જાગૃતિના ભાગરૂપે દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રના વિવિધ ગામડાઓની મહિલાઓને આયોજન પ્રમાણે ડેરી દર્શન કરાવી સૌ મહિલાઓ પોતાની ડેરીને સમજતી થાય તેવા ઉમદા પ્રયત્નો કરી રહી છે. આ પ્રસંગે દૂધસાગરના ઉચ્ચ અધિકારીઓ મહિલાઓ સાથે સંવાદ સાધી દૂધના ધંધા અંગે વિસ્તૃતમાં સમજ આપવાની બેઠકો કરવામાં આવી હતી.

## પટણા (બિહાર) ડેરી કોન્ફરન્સમાં દૂધસાગર




6 માર્ચ - 2025 ના રોજ બિહાર રાજ્યના પટણા શહેર ખાતે ઈન્ડિયન ડેરી એસોસિએશન દ્વારા આયોજિત ડેરી કોન્ફરન્સમાં મહેસાણા દૂધસાગર ડેરીના ચેરમેનશ્રીના નેતૃત્વ હેઠળ નિયામક મંડળના સભ્યોએ ભાગ લીધો હતો. રાષ્ટ્રીય કક્ષાએ આયોજીત થયેલ આ કોન્ફરન્સમાં સમગ્ર દેશના ડેરી કો-ઓપરેટીવના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને ડેરી ક્ષેત્રના તજજ્ઞોએ આ સેક્ટરમાં થયેલા નવા નવા સંશોધનો અને મશીનરી સહિત કાર્યપદ્ધતિના નવા અમલીકરણ અંગે સૌને વાકેફ કરી સંવાદ સાધ્યો હતો.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.

આસ્થા ડિજીટલ, મહેસાણા